# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-03-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(GONG MUSIC)

------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# PM MAN KI BAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે પશ્ચિમ એશિયાની પરિસ્થિતિ પર ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે પેટ્રોલ અને ડીઝલના પુરવઠાને લઈને વૈશ્વિક કટોકટી ઊભી થઈ રહી છે. શ્રી મોદી આકાશવાણી પર તેમના મન કી બાત કાર્યક્રમમાં રાષ્ટ્રને સંબોધિત કરી રહ્યા હતા. પ્રધાનમંત્રીએ કહ્યું કે, આ પડકારજનક સમય છે કારણ કે આ ક્ષેત્ર ભારતની ઉર્જા જરૂરિયાતો માટેનું મુખ્ય કેન્દ્ર છે. તેમણે નોંધ્યું કે ભારતના મજબૂત વૈશ્વિક સંબંધો અને વિવિધ ભાગીદાર દેશોના સમર્થન, તેમજ નવી દિલ્હીએ છેલ્લા દાયકામાં બનાવેલી ક્ષમતાઓએ દેશને પરિસ્થિતિનો સામનો કરવામાં મદદ કરી છે. વિશ્વાસ વ્યક્ત કરતા, શ્રી મોદીએ કહ્યું કે ભારત આ પડકારને પાર કરશે જેમ તેણે કોવિડ-19 રોગચાળા દરમિયાન કર્યું હતું.

(BYTE : MKB-GULF GRATITUDE)

શ્રી મોદીએ ચેતવણી આપી કે અફવાઓ રાષ્ટ્રીય હિતોને નુકસાન પહોંચાડી શકે છે, લોકોને ફક્ત સત્તાવાર માહિતી પર આધાર રાખવાની સલાહ આપી.

(BYTE : MKB-GOVT. TRUST)

મન કી બાત કાર્યક્રમમાં, પ્રધાનમંત્રી મોદીએ જ્ઞાન ભારતમ સર્વેક્ષણ પર પ્રકાશ પાડ્યો જેનો ઉદ્દેશ્ય જાહેર ભાગીદારી દ્વારા ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાનું દસ્તાવેજીકરણ કરવાનો છે. તેમણે લોકોને જ્ઞાન ભારતમ એપ દ્વારા તેમની પાસે રહેલી હસ્તપ્રતો અથવા તેનાથી સંબંધિત

કોઈપણ માહિતીની વિગતો શેર કરવા વિનંતી કરી. તેમણે નોંધ્યું કે હજારો એન્ટ્રીઓ પહેલાથી જ મળી ગઈ છે અને ચકાસવામાં આવી છે. શ્રી મોદીએ ભારતની તાજેતરની રમતગમત સિદ્ધિઓની પણ પ્રશંસા કરી, જેમાં T20 વિશ્વ કપ વિજય અને જમ્મુ અને કાશ્મીરની પ્રથમ રણજી ટ્રોફી જીતનો સમાવેશ થાય છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે પ્રધાનમંત્રી સૂર્ય ઘર મફત વીજળી યોજનાની અસર દેશના દરેક ખૂણામાં અનુભવાઈ રહી છે. ગુજરાતના સુરેન્દ્રનગર જિલ્લાની પાયલ મુંજપરાએ આ યોજના હેઠળ સૌર ઉર્જા ટેકનોલોજીમાં ચાર મહિનાનો અભ્યાસક્રમ પૂર્ણ કર્યો છે અને હવે તે એક કુશળ સૌર ઉર્જા ઉદ્યોગસાહસિક તરીકે પોતાની ઓળખ બનાવી રહી છે.

સ્વાસ્થ્ય અને તંદુરસ્તી પર ભાર મૂકતા, પ્રધાનમંત્રીએ લોકોને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પહેલા સ્વસ્થ જીવનશૈલી અપનાવવા, ખાંડ અને તેલનો વપરાશ ઘટાડવા અને યોગ અપનાવવા વિનંતી કરી.

# BANASKANTHA- MAN KI BAAT

બનાસકાંઠા ભારતીય જનતા પાર્ટી દિયોદર મંડળ દ્વારા "સંગઠિત શક્તિ, રાષ્ટ્રભક્તિ"ના સંકલ્પ સાથે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 'મન કી બાત' કાર્યક્રમને સાંભળવા માટેનો વિશેષ કાર્યક્રમ 'ટિફિન કે સાથે' યોજાયો હતો.

આ પ્રસંગે દિયોદર વિધાનસભાના ધારાસભ્ય કેશાજી ચૌહાણ તેમજ મન કી બાત કાર્યક્રમના ઝોન ઈનચાર્જ દાનાજી માળી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે કાર્યકર્તાઓ સાથે બેસીને પ્રધાનમંત્રીના વિચારો સાંભળ્યા હતા.

# PM - MADHAVPUR MELA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ગુજરાતના પોરબંદર જિલ્લામાં ચાલી રહેલો માધવપુર મેળો એક જીવંત ઉત્સવ છે અને દેશના ભવ્ય સાંસ્કૃતિક વારસાનો એક ભાગ છે.

એક સોશિયલ મીડિયા સંદેશમાં તેમણે કહ્યું કે આ મેળો ગુજરાત અને પૂર્વોત્તર વચ્ચેના અતૂટ સાંસ્કૃતિક બંધનનું પ્રતીક છે. શ્રી મોદીએ કહ્યું કે માધવપુર મેળો દેશની વિવિધ પરંપરાઓને પ્રતિબિંબિત કરે છે, જે "એક ભારત, શ્રેષ્ઠ ભારત" ની સાચી ભાવનાને પ્રતિબિંબિત કરે છે. તેમણે લોકોને મેળાની મુલાકાત લેવા અને મેળાની અનોખી સાંસ્કૃતિક સમૃદ્ધિનો અનુભવ કરવા પણ અપીલ કરી.

# MADHAVPUR – GHED MELA

પોરબંદરના માધવપુર ઘેડના મેળાના બીજા દિવસે શ્રમ અને રોજગાર મંત્રી કુંવરજી બાવળીયાએ ઉત્તર-પૂર્વ અને ગુજરાતના કલાકારોને પ્રોત્સાહિત કર્યા.

રાજ્ય સરકાર દ્વારા આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમમાં શ્રી બાવળીયાએ જણાવ્યું કે, માધવપુર ઘેડ ભારતની સાંસ્કૃતિક વિરાસત છે. અહીં સદીઓ જુના સ્મારકો પણ છે. ભગવાન શ્રી કૃષ્ણ અને રૂકમણી માતાના જ્યાં લગ્ન થયા હતા એ માધવપુર સોમનાથ અને દ્વારકા વચ્ચેનું સુંદર સ્થળ અને સંસ્કૃતિનું કેન્દ્ર છે.

વિવિધતામાં એકતા સાથે આ મેળો એક ભારત શ્રેષ્ઠ ભારતનું પણ પ્રતિક છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના દિશાનિર્દેશમાં માધવપુર ઘેડના મેળાને રાષ્ટ્રીય બહુમાન મળતા આ વિસ્તારમાં રોજગારીનું સર્જન થયુ છે.

# CM AHMEDABAD LOKARPAN

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના ઘાટલોડિયા વિસ્તારમાં આવેલા સતાધાર જંક્શન પર નવનિર્મિત ફોરલેન ફ્લાયઓવર બ્રિજનું લોકાર્પણ કર્યું હતું.

નારણપુરાથી સોલા સાયન્સ સિટી તરફના રોડ પર સતાધાર ચાર રસ્તા પર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અંદાજે રૂપિયા ૯૦ કરોડના ખર્ચે ફોરલેન ફ્લાયઓવર બ્રિજ બનાવવામાં આવ્યો છે.

સતાધાર ફ્લાયઓવર બ્રિજનું લોકાર્પણ થતાં વાહનચાલકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે સતાધાર જંક્શન પર ફ્લાયઓવર બનાવવાનું સૂચન મુખ્યમંત્રીશ્રી દ્વારા કરવામાં આવ્યું હતું તેમજ ઓવરબ્રિજનો માટે સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી.

# BHAVNAGAR FLIGHT

ભાવનગર વિમાનીમથક ખાતેથી આજે ભાવનગર અને નવી મુંબઈ વચ્ચે સીધી ફ્લાઇટ સેવાનો શુભારંભ કરાવતાં કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી કે. રામમોહન નાયડુએ, ભાવનગર વિમાનીમથક ખાતે ઉપસ્થિત રહીને આ પ્રથમ ફ્લાઈટને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.

ભાવનગર-નવી મુંબઈ ફ્લાઇટનું વોટર સેલ્યુટ દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી કે. રામમોહન નાયડુ તથા કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રીમતી નીમુબેન બાંભણિયા, રાજ્યના કેબિનેટ કૃષિમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, ધારાસભ્ય શ્રી સેજલબેન પંડ્યા અને શ્રી ગૌતમભાઈ ચૌહાણની ઉપસ્થિતિમાં ભાવનગર-નવી મુંબઈ ફ્લાઇટનું ફ્લેગ ઓફ કરવામાં આવ્યું હતું.